જળ સંપત્તિ વિભાગના ટેન્ડરો અંગે
મુખ્ય ઇજનેરશ્રીઓની સમિતિના
પુન: ગઠન બાબત.

ગુજરાત સરકાર
નર્મદા જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
સચિવાલય,ગાંધીનગર
હુકમ ક્રમાંક પરચ-૨૦૦૨. દ.ગુ.૮૧-ક-૧
તા. ૩૦/૧૨/૨૦૧૩

વંચાણે લીધો (૧ વિભાગના હુકમ ક્રમાંક પરચ-૨૦૦૨.દ.ગુ.-૮૧-ક-૧ તા. ૦૯/૦૧/૨૦૦૮
(૨) વિભાગના ઠરાવ ક્રમાંક પરચ/૧૦૯૭/૧૩૯૭/૧૧/ક-૧ (એમઆઇસેલ) તા.૧૯/૧/૨૦૧૨
(૩) વિભાગના ઠરાવ ક્રમાંક પરચ/૨૦૦૨/દ.ગુ./૮૧/ક-૧ પાર્ટ તા.૫/૯/૨૦૧૩
(૪) વિભાગના ઠરાવ ક્રમાંક પરચ/૨૦૦૨/દ.ગુ./૮૧/ક-૧ પાર્ટ તા.૨૪/૯/૨૦૧૩
(૫) વિભાગના ઠરાવ ક્રમાંક પરચ/૨૦૦૨/દ.ગુ./૮૧/ક-૧ પાર્ટ તા.૨૬/૧૧/૨૦૧૩

આમુખ

સંદર્ભ (૧) ના ઠરાવથી રૂ. ૧/- કરોડથી ઉપરની અંદાજીત કિંમતના કામોના ટેન્ડરોની પ્રી-ક્વોલીફીકેશન તથા ટેન્ડરોની ચકાસણી / ભલામણ માટે મુખ્ય ઇજનેરશ્રી તથા અધીક્ષક ઇજનેરશ્રીની સમિતિની રચના કરવામાં આવેલ. ત્યારબાદ તા.૧૯/૧/૨૦૧૩ના અનુસંધાન નં-( ૨ ) માં જણાવેલ ઠરાવથી રાજ્યમાં જળસંપત્તિ વિભાગ હેઠળ ટેન્ડરો અંગે મુખ્ય ઇજનેરશ્રીઓની સમિતિ પાસે અનું (૧)ના ઠરાવથી રૂપિયા ૧ કરોડની ઉપરની અંદાજીત કિંમતના કામોના ટેન્ડરોની પી-ક્વોલીફીકેશન તથા ટેન્ડરોની ચકાસણી / ભલામણ કરવાની જોગવાઇ હતી તે વધારીને ૨ કરોડથી વધુ અંદાજીત રકમના કામો માટે ઇજારદારોની પૂર્વ લાયકી તથા ટેન્ડરોની ચકાસણી કમિટી દ્વારા કરાવવાના ધોરણો લાગુ પાડવામાં આવેલ . આ સમિતિના પુન: ગઠન કરવામાં આવેલ, ત્યારબાદ પંચાયત ને લગત કામો મુખ્ય ઇજનેર (પ્લાનીંગ અને મોનીટરીંગ) અને અધિક સચિવશ્રીને સોંપવામાં આવેલ , આથી પંચાયતના કામો માટે સમિતિનું પુન:ગઠન કરવા માટે મુખ્ય ઇજનેર (પ્લાનીંગ અને મોનીટરીંગ) અને અધિક સચિવશ્રી દ્વારા વિનંતી કરવામાં આવેલ જેના અનુસંધાને પંચાયતના કામો પુરતો નીચે મુજબનો ફેરફાર કરવામાં આવે છે.

ઠરાવ

પુખ્ત વિચારણાને અંતે રાજ્યમાં જળસંપત્તિ વિભાગ હેઠળ રૂ. ૨/- કરોડથી ઉપરની અંદાજીત કિંમતના પંચાયતને લગત કામોના ટેન્ડરોની પ્રી-ક્વોલીફીકેશન તથા ટેન્ડરોની ચકાસણી / ભલામણ માટે નીચે દર્શાવેલ સભ્યોની સમિતિનું પુન: ગઠન કરવામાં આવે છે.

મુખ્ય ઇજનેર (પ્લાનીંગ અને મોનીટરીંગ) અને અધિક સચિવ શ્રી, મુખ્ય ઇજનેર (ઉ.ગુ) અને અધિક સચિવ શ્રી, નાણા સલાહકારશ્રી (જ.સં) અને સબંધિત અધીક્ષક ઇજનેરશ્રી